ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક - ૨૦૧૩ અંગે સ્પષ્ટતા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:બમશ/૧૨૧૩/૩૨૨/છ
તા ૭/૪/૨૦૧૩

પરિપત્ર :-

ગુજરાત રાજ્યમા આવેલી સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિયમન તથા તેની સાથે સકળાયેલી આનુષાંગિક બાબતોની જોગવાઇ કરવા માટે સરકારે વિધાનસભામા ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) વિધેયક ૨૦૧૩ રજૂ કરેલ જે વિધાનસભામા પસાર થયેલ છે.

આ બિલની જોગવાઇઓ તથા ફી નિયમન બાબતે વાલીઓ અને શાળામંડળમાં દ્વિધા અનુભવાતી હોવાનુ ધ્યાને આવેલ છે. જેના કારણે વાલીઓ અને સચાલક મડળ વચ્ચે સંઘર્ષ થવાની શક્યતા પણ રહેલી છે. જેના કારણે શિક્ષણ મેળવવા જનાર બાળકના કુમળા માનસ પર દુરોગામી અસર પડવાની શક્યતા રહેલી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમા તણાવ પેદા ન થાય તે હેતુથી નીચે મુજબની સ્પષ્ટતાઓ બહાર પાડવામા આવે છે.

1. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક-૨૦૧૩નો અમલ જુન-૨૦૧૩ થી શરૂ થતા શૈક્ષણિક સત્રથી થનાર છે તથા ગુજરાત સિવાયના અન્ય બોર્ડ સાથે સલગ્નતા ધરાવતી શાળાઓને પણ વર્ષ - ૨૦૧૩ ના શૈક્ષણિક સત્રથી તે જોગવાઈઓ લાગુ પડનાર છે.
2. ફી નિયમન સમિતિની રચના અને તેના આનુષાંગિક નિયમો વગેરે બનાવવાની કામગીરી હાથ ધરવામા આવેલ છે જે ઝડપથી પૂર્ણ કરવામા આવશે.
3. આ બિલની જોગવાઇ અનુસાર પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક માટે વાર્ષિક રૂ ૧૫૦૦૦/-. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ(સા.પ્ર.) માટે રૂ. ૨૫૦૦૦/- તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ (વિ.પ્ર.) માટે રૂ. ૨૭૦૦૦/- ફી મર્યાદાથી ઓછી કે તેથી વધુ ફી લેતી હોય તે તમામ શાળાઓ ગત વર્ષે જે ફી નિયત થયેલ હોય તેનાથી વધુ ફી લઈ શકશે નહી. પરંતુ, આ પરિપત્રની તારીખ પહેલા જે શાળાએ વધુ ફી વસૂલ લીધેલ હશે તેવા કિસ્સામા ફી નિર્ધારિત થયેથી આગામી ફીમા સરભર કરી આપવાની રહેશે.

4. હાલ. પરિપત્રની તારીખ પહેલા ગત વર્ષની ફીની વધુમાં વધુ ત્રિમાસિક ફી વાલીએ ભરવાની રહેશે અને સંચાલકે તે સ્વીકારવાની રહેશે. સંબંધિત શાળાની ફી. સમિતિ દ્વારા નક્કી થયા બાદ તે પછીના ત્રિમાસિક ગાળામાં લેવાની થતી ફી સામે સરભર કરવાની રહેશે

5. શાળા દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટે લેવામા આવેલ પ્રવેશ ફી (એડમીશન ફી) ની રકમ ફી નિર્ધારણ સમિતિ દ્વારા ફી નિયત થયેથી સરભર કરવાની રહેશે.

6. જ્યા સુધી સમિતિની રચના, નિયમો, કાર્યાન્વયન વગેરે આખરી ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા તરીકે ગુજરાત રાજ્યમા આવેલ કોઈપણ બોર્ડ સાથે સંલગ્ન કોઈપણ શાળાએ આ પરિપત્રની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

7. આ સૂચનાઓની જાણ તમામ વાલીઓને કરવાની જવાબદારી જે તે શાળા સંચાલક મંડળની રહેશે.

ઉક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(અજય ભટ્ટ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

ક્રમાંક : [illegible] ૫-૨/૨૭-૨૮/ 5 635-755
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
સહયોગ સંકુલ, એ-બ્લોક,
બીજો માળ, સેકટર નં. ૧૧,
ગાંધીનગર-૩૮૨૦૧૧
તારીખ ૨૨-૪-૨૦૧૭

નકલ રવાના જાણ તથા અમલ સારૂ
પ્રતિ
શાસનાધિકારી
જિલ્લાના તમામ મા/ઉ.મા શાળાઓ
પ્રાથમિક શાળાઓ તમામ

જિલ્લા શિક્ષણાધિકારી
ગાંધીનગર જિલ્લો, ગાંધીનગર